અપીલ અરજી નં.૧૩૪/૦૮–૦૯ તા. ૨૦–૮–૦૮

અરજદારઃ શ્રી વશરામ રામજીભાઈ પટેલ
સામાવાળાઃ ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછા ઝોન

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વશરામ રામજીભાઈ પટેલ ની તા.૮–૭–૦૮ ની અરજીથી નાનાવરાછા ગામના સીટી સરવે નંબરો તેમજ તેમાં આવેલી રોડ લાઈન દર્શાવતી શીટ નંબર–૩ ની કલરમાં સ્કેન કરી સીડીમાં આપવી. વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૦–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૪/૨૦૦૮–૦૯

શ્રી વશરામ રામજીભાઈ પટેલ ની તા.૮–૭–૦૮ ની અરજીથી નાનાવરાછા ગામના સીટી સરવે નંબરો તેમજ તેમાં આવેલી રોડ લાઈન દર્શાવતી શીટ નંબર–૩ ની કલરમાં સ્કેન કરી સીડીમાં આપવી. વિગેરે મુદ્દા નં.૧ થી ૩ ની વિગત આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૭૦૧ તા.૬–૮–૦૮ થી આપેલ માહિતી માંગ્યા પ્રમાણેની પુરી પાડવામાં આવી નથી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૬ તા.૨૭–૮–૦૮ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી ઈ.ઝેડ/આરટીઆઈ/૭૦૧ તા.૧૬–૯–૦૮ થી માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની અપીલ અરજીમાં નમુના 'ઘ' મુજબ માહિતી પૂરી પાડવામાં આવેલ નથી માહિતી માંગ્યા મુજબની તથા માહિતી અધિનિયમની જોગવાઈ ૭(૬) મુજબ વિના મુલ્યે માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારીએ અત્રે પૂરી પાડેલ નકલમાં માહિતી નમુના 'ઘ' માં પૂરી પાડેલ છે તથા નિયત સમય મર્યાદામાં જાહેર માહિતી અધિકારીએ નિર્ણય જણાવેલ છે. અરજદારની માંગ્યા મુજબની માંગણી કલરમાં સ્કેન કરી સીડીમાં માંગેલ છે જેનો જવાબ પણ જાહેર માહિતી અધિકારી તરફથી સીડીમાં ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે તેમજ ઉપલબ્ધ માહિતીની દસ્તાવેજ ફી પણ જણાવેલ છે જે અરજદારે રસીદ આરટીઆઈ સેલ/૭૦૧ તા.૨૨–૮–૦૮ ના રોજ ખરી મેળવેલ તેની નકલ રજુ કરેલ છે જેમાં પ્ર પોઝડ રેસી.બિલ્ડીંગ પ્લાન શીટ નં.૩,ચાલુ નં.૩૮–૪૬ નાના વરાછા તેમજ રીવાઈઝડ રે.સ.બિલ્ડીંગ (ગામતળ)નાના વરાછા તથા ટાઉન પ્લાનીંગનો અભિપ્રાય મેળવેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૮–૭–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી તા.૨૨–૮–૦૮ ના રોજો અરજદારને પૂરી પાડયાની પહોંચની નકલ અત્રે રજુ કરેલ છે. આમ અરજદારને માંગ્યા મુજબની માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**
(૧)ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,વરાછા ઝોન,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વશરામ રામજીભાઈ પટેલ,